<u>ફોજદારી કેસ નં</u>.૯૯૭૯૮/૨૨

## <u>આંક–૧ હેઠળનો હુકમ.</u>

**૧.** સદર કામનું રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ ઉપર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે બોમ્બે / ગુજરાત પોલીસ એકટની કલમ–૯૦એ મુજબનો ગુનો નોંધાતા આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આવતા આરોપીને સમન્સની બજવણી કરવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

૨. આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ તેઓએ અલગથી કબુલાત પુરસીસ પણ આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે, ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે, કાયદાની અજ્ઞાનતાને લીધેલ અજાણતાથી ગુનો થયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓને હળવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

૩. આરોપી ધ્વારા આપવામાં આવેલ કબુલાત સ્વૈચ્છીક હોવાનું ખરાઈ કરતા જણાઈ આવે છે તેમજ આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરતા હોવાનું પણ ફલીત થાય છે. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર ના કેસમાં આપેલ ચુકાદા ઉપર આધાર રાખી તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે, તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, આરોપીની સામાજીક તેમજ આર્થિક પરીસ્થિતીને ધ્યાને લેતા તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી યોગ્ય રકમનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયી રહેશે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>–:: આખરી હુકમ ::–</u>

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ–૯૦એ ના ગુના માટે તકસીરવાર ઠરાવી, આરોપીને રૂપિયા ૧૦૦/–(અંકે રૂપિયા સો પૂરા) નો દંડ તથા દંડ ના ભરે તો દિન–૧ (એક) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ તેના મુળ માલિકની ખરાઈ કરવા જરુરી ઈન્કવાયરી કરી તેમને કાયમ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ ખુલ્લી લોક અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૨/૧૨/૨૦૨૨

(એચ.એસ.દવે)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨ , અમદાવાદ.(કોડ જીજે ૦૦૬૯૩)